| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૦૯/૧૦/૨૦૨૩ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## ઓઢવ પો.સ્ટે.વિસ્તારમાં હત્યા ના ગુનામાં આજીવન કેદની સજા પામેલ પેરોલ જમ્પ થયેલ આરોપીને દારુનુ કટિંગ કરતા વિદેશી દારુની બોટલો નંગ-૪૨૦ (૩૫ પેટી) કિ.રૂ.૨,૦૪,૩૦૦/- તેમજ બે ફોરવ્હીલર તથા એક ટુ વ્હીલર સહિત કુલ્લે રુપિયા ૧૦,૩૭,૧૨૦/ ના મુદામાલ સાથે ત્રણ આરોપીઓને ઝડપી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ આજરોજ વહેલી સવારે સ્ટાફના પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી તથા મ.સ.ઈ. મહમંદ યુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, મ.સ.ઈ.ચેતનકુમાર હિતેષભાઈ બ.ન.૧૩૫૩૮, અ.હે.કો.મહાવીરસિંહ બળવંતસિંહ બ.ન.૪૬૧૧, અ.હે.કો વિજેન્દ્ર ભંવરલાલ બ.ન.૪૧૪૩, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪,અ.હે.કો.જયપાલસિહ વિજયસિંહ બ.ન.૩૭૬૯, અ.હે.કો.મનહરસિહ નહારસિહ બ.ન. ૩૭૬૧, અ.હે.કો ધર્મેન્દ્રસિહ હરિશચન્દ્રસિંહ બ.ન.૩૯૩૭, અ.પો.કો.મહિપતસિંહ ઉદેસિંહ બ.ન.૯૯૧૮, અ.પો.કો.વિજય અજમલભાઈ બ.ન.૮૦૦૩ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા, દરમ્યાન અ.હે.કો વિજેન્દ્ર ભંવરલાલ બ.ન.૪૧૪૩ તથા અ.પો.કો.વિજય અજમલભાઈ બ.ન.૮૦૦૩ નાઓને સંયુકત રીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે ઓઢવ આદિનાથનગર પાસે મુનીસૃવત સ્વામી સોસાયટી ની પાણીની ટાંકી પાસે આવેલ કોમન પ્લોટ ખાતે રેઈડ કરી જુદી જુદી બ્રાન્ડની વિદેશીદારુ ની બોટલો નંગ ૪૨૦(૩૫ પેટી) કિ.રૂ. ૨,૦૪,૩૦૦/- તથા ટોયોટા ઈટીયોસ કાર, ક્રેટા કાર, તથા ટી.વી.એસ.જ્યુપીટર તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૧૦,૩૭,૧૨૦/ મુદામાલ સાથે ત્રણ આરોપીઓ પકડી લઈ તેઓ તથા અન્યો વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી ઓઢવ પો.સ્ટે.ખાતે પાર્ટ સી ૧૧૧૯૧૦૩૭૨૩૦૯૫૬/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી),૮૧,૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર્ડ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**નોધ:** પકડાયેલ આરોપીઓ પૈકી હિતેન્દ્રસિંહ @ હની રાજેન્દ્રસિહ સોલંકી તથા નહી પકડાયેલ આરોપીઓ પૈકી ભાવેશ ઉપેન્દ્રકુમાર મેવાડા નાઓ વિરુધ્ધમા ઓઢવ પો.સ્ટે. ખાતે ફ.ગુરન ૪૪૩/૨૦૧૩ સેસન્સ કેશ નંબર ૧૮૦/૨૦૧૪ ઈપીકો કલમ ૩૦૨,૧૨૦(બી) વિગેરે મુજબના ગુનામાં બન્ને આરોપીઓને ના.કોર્ટે હત્યાના ગુનામાં આજીવન કેદની સજા કરેલ છે અને આરોપી હિતેન્દ્રસિંહ @ હની રાજેન્દ્રસિહ સોલંકી પેરોલ જમ્પ થતા ઓઢવ પો.સ્ટે.ખાતે એન.સી. ફરીયાદ પણ દાખલ કરવામાં આવેલ છે.

પક્ડાયેલ આરોપીઓ પૈકી હિતેન્દ્રસિંહ @ હની રાજેન્દ્રસિહ સોલંકીનાઓ વિરુધ્ધમાં (૧) ઓઢવ પો.સ્ટે. પ્રોહી. (૧) ગુ.ર.નં.૫૩૮૯/૨૦૧૬ (૨) પ્રોહી.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૭૨૧૦૫૭૭/૨૦૨૧ (૩) પ્રોહી.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૭૨૩૦૨૪૮/૨૦૨૩ (૪) પ્રોહી.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૭૨૩૦૨૭૯/૨૦૨૩ (૫) ફસ્ટ ગુ.ર.નં.૩૮૨/૨૦૧૧ ઇપીકો ક્લમ ૪૫૨, ૩૨૩,૧૧૪ (૬) ફસ્ટ ગુ.ર.નં.૫/૨૦૧૩ ઇપીકો ક્લમ ૩૯૪, ૩૨૪, ૩૨૩ (૭) ફસ્ટ ગુ.ર.નં.૪૪૩/૨૦૧૩ ઇપીકો ક્લમ ૧૪૩, ૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૩ (૮) રામોલ પો.સ્ટે. પ્રોહી.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૩૦૪૨૯/૨૦૨૩ મુજબના ગુનાઓ દાખલ થયેલ છે.

**પકડાયેલ આરોપીઓ :** (૧) હિતેન્દ્રસિંહ @ હની રાજેન્દ્રસિહ સોલંકી ઉ.વ.૨૮ રહેવાસી- સી/૭૫૨, મુનિ સુગર સ્વામીનાથ સોસાયટી આદિનાથનગર, વિભાગ ૨ ઓઢવ (૨) પાર્થ સંજયભાઈ વાઘેલા ઉ.વ.૨૬ રહે.વાસી- અબ્દુલ સત્તારની ચાલી, નુતન યુગ નગર, વિભાગ-૧, અમરાઈવાડી અમદાવાદ તથા મ.ન.૫ આંબેડકરનગર પોસ્ટ ઓફિસની બાજુમાં, અમરાઈવાડી (૩) વિમલકુમાર ચોથમલ કલાલ ઉ.વ.૩૬ રહેવાસી- બી/ ૧૨૬, સંતદેવ ટેનામેન્ટ, પુષ્પાંજલી વિધ્યાલયની બાજુમાં જામફળવાડી, રામોલ, અમદાવાદ

**નહી પકડાયેલ આરોપીઓ :** (૧) જીગ્નેશ @ જીગો રહે. નરોડા મુઠીયા ગામ (૨) ભાવેશ ઉપેન્દ્રકુમાર મેવાડા રહે.ગામ- કનીજ, તા.મહેમદાવાદ, જી- ખેડા (૩) સુનીલ @ કચોરી રામજીવન ખટિક રહે.રાઘવ બંગ્લોઝ, નરોડા (૪) ભગો @ નિસર્ગ જગાભાઈ દરજી રહે.મુનીસૃવત સ્વામી સોસાયટી, આદિનાથનગર, વિભાગ-૨, ઓઢવ (૫) અભિ રાજેન્દ્રસિહ સોલંકી રહે.સી/૭૮૫, મુનીસૃવત સ્વામી સોસાયટી, આદિનાથનગર, વિભાગ-૨, ઓઢવ, અમદાવાદ (૬) કલ્લુ તોમર રહે.અમરાઈવાડી અમદાવાદ (૭) ડેવિડ @ સુનીલ ડાનીયાન મેકવાન રહે.નુતનયુગ નગર, અમરાઈવાડી (૮) નિમેષ મેઘરાજભાઈ બાકલે રહે.મનમંદિર ફલેટ ખોખરા અમદાવાદ

**ગુનાની જગ્યા :** ઓઢવ આદિનાથનગર પાસે મુનીસૃવત સ્વામી સોસાયટી ની પાણીની ટાંકી પાસે આવેલ કોમન પ્લોટ પાસે

**પકડાયેલ મુદામાલ :** (૧) પરપ્રાંતની વિદેશી દારુની બોટલો કુલ્લે નંગ ૪૨૦ (૩૫ પેટી) કિ.રૂ.૨,૦૪,૩૦૦/- (૨) મો.ફોન નંગ ૩ કિ.રૂ.૩૦,૦૦૦/ (૩) રોકડા રુપિયા ૨,૮૨૦/ (૪) ટોયોટા ઈટીયોસ કાર નંબર GJ-01-RG-9555 કિ.રૂ.૨,૫૦,૦૦૦/- (૪) ક્રેટા કાર નંબર GJ-01-HW-1520 કિ.રૂ.૫,૦૦,૦૦૦/- (૫) ટી.વી.એસ.જયુપીટર નંબર GJ-27-FA-0381 કિ.રૂ.૫૦,૦૦૦/ મળી કુલ્લે રુપિયા ૧૦,૩૭,૧૨૦/ ની મત્તાનો મુદામાલ

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૬૪/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૪૨૧ લીટર દેશી દારૂ, ૧૫૬૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૯૨૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૮ બિયર ટીન, ૨ કાર, ૨ ટેમ્પો, ૨ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩,૧૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૬૫/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૧૬૬૬/૨૦૨૩**

**સાબરમતીઃ** ભુપેન્દ્રભાઇ ખંડુભાઇ મહેતા (ઉ.વ.૫૬)(રહે.સંગાથ-૧ પરીમલ હોસ્પિટલ પાછળ મોટેરા) તા.૦૨/૧૦/૨૦૨૩ સાંજના ૪/૧૫ થી ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સાબરમતી રામનગર બેંક ઓફ ઇન્ડીયાના એ.ટી.એમ ખાતે મશીનમાંથી રૂપિયા ઉપાડવા ગયા હતા ત્યારે એક પુરૂષે “લાવો હુ તમને પૈસા કાઢી આપુ” તેમ કહી ભુપેન્દ્રભાઇને વિશ્વાસમાં લઇ તેમનુ એ.ટી.એમ કાર્ડ બદલી બીજુ એ.ટી.એમ.કાર્ડ આપી ભુપેન્દ્રભાઇના કાર્ડથી અલગ-અલગ ટ્રાન્ઝેકશન દ્વારા કુલ રૂપિયા ૫૦,૦૦૦/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ અંગેની ફરીયાદ ભુપેન્દ્રભાઇ મહેતાએ તા.૦૮/૧૦/૨૦૨૩ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.સી.ગામેતી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૬૭/૨૦૨૩**

**શાહીબાગઃ** શ્રેયસ સ/ઓ ભોગીલાલ પટેલ (ઉ.વ.૩૯)(રહે.આમ્રમંજરી બંગ્લોઝ, સેલીબ્રેશન સીટી સેન્ટરની બાજુમાં બોપલ) એ તા.૦૫/૧૦/૨૦૨૩ સાંજના ૫/૦૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન શાહીબાગ રેશમબાઇ હોસ્પિટલની બાજુમાં આવેલ સ્કૂલ આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી ગાયનેક લેપ્રોસ્કોપીની સર્જરીના સાધનો કુલ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ હતી. આ અંગેની ફરીયાદ શ્રેયસ પટેલે તા.૦૮/૧૦/૨૦૨૩ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૬૮/૨૦૨૩**

**વસ્ત્રાપુરઃ** વસ્ત્રાપુર ઇન્દ્રપ્રસ્થ બંગલા ખાતે પી.જી.માં રહેતા ભાર્ગવ સ/ઓ અશ્વીનભાઇ પંચાલ (ઉ.વ.૧૯)(મુળ વતન. ગા.-ખદલપુર તા.વિસનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૩ કલાક ૩/૦૦ થી ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પી.જી.ના રહેણાંક બહારના ભાગે ઝાડ સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ધર્મિષ્ઠાબહેન લિંબાભાઇ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** જ્યોતિ વા/ઓ વિશાલ ગોરાવત (ઉ.વ.૩૨)(રહે.આશ્રય એપાર્ટમેન્ટ પાર્શ્વનાથ ટાઉનશીપ કેનાલ રોડ કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૩ બપોરના ૨/૩૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.પારેખ ચલાવે છે.

**સરદારનગરઃ** રોહિતભાઇ વિનોદભાઇ પટણી (ઉ.વ.૧૮)(રહે,ખોડીયારનગર વિભાગ-૧, પદમાવતી સ્કુલ પાસે, સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૩ સવારના ૧૧/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રકાશભાઇ ચંપકલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી